પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૩૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૧૦-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ભારતના ૨૫ વર્ષના ભાગ્યને ઘડનારા છે. આ કનેક્ટિવીટિ પૂરતો મર્યાદિત નથી પરંતુ સુવિધા વધી રહી છે : વડાપ્રધાન

### નવરાત્રિનો તહેવાર હોય, રાત આખી દાંડિયા ચાલતા હોય, આપણું શહેર કે ગુજરાત સુતૂ જ નહોય અને આ ઘૂમઘમતી ગરમી વચ્ચે આટલો વિરાટ જનસાગર મેં પહેલીવાર જોયો છે



અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વસ્ત્રાપુર ખાતેથી રિમોટ કંટ્રોલથી સેમી હાઈ સ્પીડ ટ્રેન વંદે ભારતનું લોકાર્પણ કર્યુ હતું. ત્યાર બાદ થલતેજથી વસ્ત્રાલના મેટ્રોના ફેઝ-૧ના રૂટનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગરમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે. તેઓ ગાંધીનગરથી વંદે ભારત એક્સપ્રેસમાં બેસીને જ કાલુપુર મેટ્રો સ્ટેશન પહોંચ્યા હતા. અહીં તેમણે મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કર્યું હતું. વડાપ્રધાન મેટ્રો રેલમાં બેસી દૂરદર્શન થલતેજ ખાતે જાહેર સભાના સ્થળે પહોંચ્યા હતાં જાહેર સભાના સ્થળે સવારથી જ મોટી સંખ્યામાં લોકો સભા સ્થળે પહોંચ્યા હતાં.

વડાપ્રધાન મોદીએ ત્રણવાર ભારત માતા કી જય બોલાવીને વડાપ્રધાને સભાને સંબોધવાનું શરૂ કર્યુ હતું. તેમણે કહ્યું કે, આજે ૨૧મી સદીના ભારત અને અર્બન કનેક્ટિવિટી માટે અને આત્મનિર્ભર ભારત માટે આજે બહુ મોટો દિવસ છે. થોડીવાર પહેલાં મેં ગાંધીનગર-મુંબઈની વંદે ભારત એક્સપ્રેસની ઝડપી મુસાફરીનો અનુભવ કર્યો, આ મુસાફરી તો કેટલીક મિનિટો જ હતી, પરંતુ મારા માટે ગૌરવથી ભરેલી ક્ષણ હતી. દેશની ત્રીજી અને ગુજરાત પહેલી વંદે ભારત ટ્રેન છે. કાલુપુર રેલવે સ્ટેશનથી કાલુપુર મેટ્રો સ્ટેશન, અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની મુસાફરી કરી હું થલતેજ પહોંચ્યો. એટલે કે કોઈ બહારથી વંદે ભારતમાં આવતો હોય, ત્યારબાદ સીધેસીધો મેટ્રો પર ચડીને શહેરમાં પોતાના ઘરે જઈ શકે છે. કે કામ માટે શહેરના અન્ય ભાગમાં જઈ શકે છે. અને ગતિ એટલી ઝડપી કે શિડ્યુલ કાર્યક્રમ બનાવ્યો હતો, તેનાથી ૨૦ મિનિટ પહેલાં હું થલતેજ પહોંચી ગયો, હું ટ્રેનમાં સફર કરી રહ્યો હતો ત્યારે ડિપાર્ટમેન્ટના લોકો કેટલીય ખૂબીઓ જણાવતા રહે છે, શું વ્યવસ્થા છે, સ્પીડ છે વગેરે.. પરંતુ બીજું એક પાસું છે જેના તરફ ડિપાર્ટમેન્ટનું કદાચ ધ્યાન નથી ગયું. મને તે સારું લાગ્યું... હું કહેવા માગું છું, આ જે વંદેભારત ટ્રેન છે, હું ગણિતજ્ઞ કે વૈજ્ઞાનિક નથી, પંરતુ હું મોટોમોટો અંદાજ લગાવી શકું છું કે હવાઈ જહાજમાં જેટલો અવાજ આવે છે તેનાથી કદાચ ૧૦૦મો ભાગ થઈ છે, ૧૦૦ ઘણી વધારે અવાજ વિમાનમાં હોય છે, એટલે વાતચીત કરવામાં તકલીફ પડે છે. વંદેભારત ટ્રેનમાં હું આરામથી વાત કરતો હતો, જે લોકો હવાઈ જહાજના આદી છે, તેઓને અવાજનું જ્ઞાન થઈ જશે તો હું ચોક્કસ માનું છું કે હવાઈ જહાજ નહીં વંદે ભારત ટ્રેન પસંદ કરશે.

તેમણે કહ્યું હતું કે અરે મારા અમદાવાદીઓ.. મારે આજે અમદાવાદને સો સો સલામ કરવી છે... નવરાત્રિનો તહેવાર હોય, રાત આખી દાંડિયા ચાલતા હોય, આપણું શહેર કેગુજરાત સુતૂ જ નહોય અને આ ઘૂમઘમતી ગરમી વચ્ચે આટલો વિરાટ જનસાગર મેં પહેલીવાર જોયો છે... હું અહીં જ મોટો થયો છું... અમદાવાદે મારો આવડો મોટો કાર્યક્રમ કરી બતાવ્યો હોય... એટલે અમદાવાદીઓને મેટ્રો શું છે એ સમજ છે. મેં કહ્યું મેટ્રોમાં આખા દેશમાં આપણી જવાબદારી છે... અમારા અમદાવાદીઓ હિસાબ લગાવે, ઓટોમાં જાય તો કેટલો ટાઈમ જાય,, ગરમી લાગે... સૌથી વધારે આર્થિક રીતે લાભ કરે એટલે અમદાવાદનો પેસેન્જર કરતો.. પહેલાં અમદાવાદનો રિક્ષાવાળો ગીત ગાતા હતા. આજે અમદાવાદને જેટલું અભિવાદન સલામ કરીએ એટલું ઓછું છે. ૨૧મી સદીના ભારતના શહેરોને નવી ગતિ મળશે.. શહેરોને આધુનિક બનાવવા જરૂરી છે. ટ્રાન્સપોર્ટ આધુનિક સીમલેસ, એકબીજાને સપોર્ટ કે એ જરૂરી છે.

બહુ વર્ષ પહેલાં અમે અમદાવાદમાં મલ્ટિમોડેલ ટ્રાન્સપોર્ટ લઈને અમે સમિટ કર્યું, ત્યારે હું ન કરી શક્યો.. તમે ત્યાં મોકલ્યો ત્યારે કરી દીધું.. વીતેલા ૮ વર્ષમાં શહેરો પર આટલો મોટો મૂડીરોકાણ કરાય છે. બે ડઝનથી વધારે શહેરોમાં મેટ્રો શરૂ થઈ છે કે કામગીરી ચાલી રહી છે. નાના શહેરોમાં હવાઈ સુવિધા આપવાની કામગીરી કરાઈ છે. આજે ગાંધીનગર રેલવે સ્ટેશન દુનિયાના કોઈપણ એરપોર્ટથી કમ નથી. બે દિવસ પહેલાં અમદાવાદ રેલવે સ્ટેશનને આધુનિક બનાવવાની સ્વીકૃતિ આપી દીધી છે. દેશના શહેરોના વિકાસ માટે આટલો બધો મૂડીરોકાણ એટલા માટે કરાય છે કે દેશનું વિકાસ સુનિશ્ચિત કરશે. ભારતના ૨૫ વર્ષના ભાગ્યને ઘડનારા છે. આ કનેક્ટિવીટિ પૂરતો મર્યાદિત નથી પરંતુ સુવિધા વધી રહી છે. સંબંધો વિકસિત કરાય છે. ટ્વિન સિટીનો વિકાસ કેવી રીતે કરાય છે તેનું અમદાવાદ ગાંધીનગર ઉદાહરણ છે. આવનાર સમય માટે ટ્વિન સિટીનો આધાર તૈયાર થાય છે. તમારી આંખો સામે ગાંધીનગર-અમદાવાદ ટ્વિન સિટીનો છે.

નવા શહેરોનું નિર્માણ કરાઈ રહ્યું છે જે ગ્લોબલ સિટી બનાવી રહ્યા છે, જેનું ગિફ્ટ સિટી ઉત્તમ ઉદાહરણ છે. મેં ૨૦૦૫માં કહ્યું હતું. ત્યારે બહુ લોકોને કહ્યું કે આ શું કહે છે, આજે ગિફ્ટ સિટી આંખો સામે છે. હજારો લોકોને રોજગાર આપવાનું કેન્દ્ર બન્યું છે. એક સમય હતો ત્યારે અમદાવાદમાં ટ્રાન્સપોર્ટનો અર્થ લાલ બસ અને હરીભરીને રિક્ષાવાળો. ગુજરાતે મને કામ કરવાનો અવસર આપ્યો ત્યારે બીઆરટીએસ કોરિડોરમાં બસ શરૂ કરી. સામાન્ય નાગરિકની આવશ્યકતા અનુસાર વિકાસની યાત્રાને બે પાટા પર ચલાવવા હોય તે આજે સાચે જોઈ રહ્યા છે. તેના માટે તમામને અભિનંદન, મેટ્રોના ૩૨ કિમીના રૂટ પર મેટ્રોનો રૂટ શરૂ થયો છે. એક જ વર્ષમાં ૩૨ કિમીની યાત્રાનું દેશમાં લોકાર્પણ થયું છે. મેટ્રોનું માટે વધારાની જમીનની જરૂર નથી પડી. ગાંધીનગર-મુંબઈ વચ્ચેની વંદેભારત ટ્રેનથી અંતર દૂર કરીશું. સાડા આઠ કલાકથી વધારે સમય થતો હતો.. તે વંદેભારત ટ્રેન અમદાવાદથી સાડા પાંચ કલાકમાં મુંબઈ પહોંચાડી દેશે. ચેન્નાઈમાં ટ્રેન બનાવનારને બધાને મળ્યો ત્યારે કામ કરનારે કહ્યું સાહેબ કામ આપો અને તેનાથી બહેતર બનાવવા કહ્યું અને બનાવ્યું. મારો દેશ આનાથી તેજ ગતિથી આગળ વધશે. દેશના લોકો આનાથી પણ વધુ ઝડપે મુસાફરી કરશે.

જનશતાબ્દીમાં ગરીબ લોકો આ ટ્રેનમાં જવાબનું પસંદ કરે છે. લગેજ વધુ છે લઈ જવા માટે, ડબલ એન્જિન સરકારનો લાભ કેવી રીતે અમદાવાદને મળ્યો, કેન્દ્ર સરકારે કેવી રીતે તરત મંજૂરી આપી દીધી, અમદાવાદમાં મેટ્રો પર કામ શરૂ કરવાનું કર્યુ ત્યારે એવી રીતે પ્લાન કરાયો કે ગરીબને પણ લાભ થાય. જ્યાં સાંકડા રોડ પસાર કરવામાં વાર લાગે ત્યાં મેટ્રો પસાર થાય, કાલુપુરને મલ્ટિમોડલ હબ બનાવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અમદાવાદીઓ માટે આ આનંદનો પ્રસંગ છે. મેટ્રો અને વંદે ભારત ટ્રેનની આજે ભેટ મળી છે. પહેલાં સાબરમતીમાં બાળકો ક્રિકેટ રમતાં, આજે નદી છલોછલ ભરાયેલી છે. પીએમ મોદીની ઈચ્છાશક્તિથી વિકાસનો નવો ઈતિહાસ રચાયો છે. ડબલ એન્જિન સરકારને કારણે વિકાસની ઝડપી વધી છે.

## દેશમાં અનાજનું ઉત્પાદન ઘટયું, દાળ-શાકભાજીનું વધ્યું

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારના રિપોર્ટ અનુસાર દેશમાં અનાજ ઉત્પાદનમાં ઘટાડો થયો છે, જયારે ફળ, શાકભાજી, દાળના ઉત્પાદનમાં વધારો થયો છે. અનાજ સિવાય ખાંડ, ડ્રગ્સ, નાર્કોટિકસ અને તેલીબીયાના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં સ્થૂળ મૂલ્ય ઉત્પાદનમાં અનાજની ભાગીદારી ૨૮.૨ ટકા હતી, જે ૨૦૧૯-૨૦માં ઘટીને ૨૭.૩ ટકા રહી ગઈ છે. દાળની ભાગીદારી ૪.૪ ટકાથી વધીને ૫.૧ ટકા થઈ ગઈ છે. કેન્દ્ર સરકારના આંકડાકીય અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલયે વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૯-૨૦ સુધી કૃષિ, વનસંવર્ધન અને મત્સ્ય ઉછેર પર રિપોર્ટ જાહેર કર્યો છે. અનાજ ઉત્પાદનમાં ઉતરપ્રદેશની ભાગીદારી ઘટીઃ યુપીમાં સૌથી વધુ અનાજનું ઉત્પાદન પણ ભાગીદારી ઘટી છે. રિપોર્ટ મુજબ દેશભરમાં ઉતરપ્રદેશમાં સૌથી વધુ ઉત્પાદન કરાયું છે, જો કે તેમાં ભાગીદારી ઘટી છે. તેની ભાગીદારી વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૮.૬ ટકા હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૧૮.૫ ટકા થઈ ગઈ છે. મધ્યપ્રદેશનું અનાજમાં યોગદાન વધ્યુંઃ વર્ષ ૨૦૧૧-૧૨માં અનાજ ઉત્પાદનમાં મધ્યપ્રદેશની ભાગીદારી ૬.૨ ટકા હતી.

જે ૨૦૧૯-૨૦માં વધીને ૧૦ ટકા થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ ભારત દુનિયાભરમાં કૃષિ યોગ્ય ભૂમિમાં બીજા ક્રમે છે.ફળો અને શાકભાજીઓનું સ્થૂળ મૂલ્ય ઉત્પાદન સૌથી વધુઃ વર્ષ ૨૦૧૯-૨૦માં દેશભરમાં ફળ અને શાકભાજીનું સ્થુળ મૂલ્ય ઉત્પાદન ૩૮૩.૩ હજાર કરોડ હતું. અનાજની તુલનામાં આર લગભગ ૬૦૦૦ કરોડ વધુ છે. વર્ષ ૨૦૧૧-૧૨માં અનાજનું સ્થુળ મુલ્ય ઉત્પાદન ૩૩૬.૪ હજાર કરોડ હતું, જે બધા પાકોમાંથી સૌથી વધુ હતું. કૃષિમાં પાકોની ભાગીદારી ૨૦૧૧-૧૨માં ૬૨.૪ ટકા હતી જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૫૫ ટકા થઈ ગઈ હતી.

## સુપ્રીમ કોર્ટે કોર્પોરેટ હાઉસની મદદથી ખાનગી જેલો બનાવવાનું સૂચન કર્યું

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દેશની જેલોની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી અને મોટા કોર્પોરેટ ગૃહો સાથે સંકળાયેલી ખાનગી જેલોનું નિર્માણ કરવાનું સૂચન કર્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મોટા કોર્પોરેટ ગૃહો તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે ખાનગી જેલ બનાવી શકે છે.

જસ્ટિસ કેએમ જોસેફ અને હૃષિકેશ રાયની બેન્ચે અવલોકન કર્યું કે યુરોપમાં ખાનગી જેલોનો ખ્યાલ છે. પછી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી છે. જો તમે તેમને પૂરતા પ્રોત્સાહનો પ્રદાન કરો છો, તો તમે તેમનું નિર્માણ કરી શકો છો. કારણ કે તમે નથી ઈચ્છતા કે આ માટે સરકારી પૈસા ખર્ચવામાં આવે. અન્ડરટ્રાયલ્સની સંખ્યા ચિંતાજનક છે. બેન્ચે કહ્યું કે તેઓ તેને તૈયાર કરીને તમને સોંપશે અને આવકવેરા હેઠળ મુક્તિનો દાવો કરશે. એક નવો ખ્યાલ આવશે. પછી આગોતરા જામીનથી લઈને આગોતરા જેલ સુધીનો નવો ખ્યાલ વિકસિત થશે.

સામાજિક કાર્યકર્તા ગૌતમ નવલખા તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે જેલોમાં ભીડભાડ છે અને દર્દીઓ માટે માત્ર આયુર્વેદ ડૉક્ટરો ઉપલબ્ધ છે તે પછી બેન્ચે આ અવલોકન કર્યું હતું. બેન્ચે કહ્યું કે જેલોનો અભ્યાસ કોઈપણ સરકાર માટે સૌથી ઓછો પ્રાથમિકતા ક્ષેત્ર છે. અદાલતે તલોજા જેલ અધિક્ષકને એલ્ગાર પરિષદ-માઓવાદી લિંક કેસમાં જેલમાં બંધ ગૌતમ નવલખાને તાત્કાલિક સારવાર માટે મુંબઈની જસલોક હોસ્પિટલમાં ખસેડવાનો નિર્દેશ આપ્યો હતો. અગાઉ નવલખાના વકીલે કહ્યું હતું કે તે કેન્સરથી પીડિત છે.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## સ્થાનિક રોજગાર સાથે પર્યટનનો વિકાસ મહીસાગર કલેક્ટર પર્યટન ક્ષેત્રે બાકી રહેલ કામગીરીને શક્ય તેટલી વહેલી કરવા આદેશ



મહિસાગર,
મહીસાગર જિલ્લાના પ્રવાસન હસ્તક પ્રોજેક્ટો/સાઈટ પર થયેલ કામગીરીની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે મહીસાગર કલેટર ડો.મનિષકુમાર બંસલના અધ્યક્ષ સ્થાને યોજાઈ.

કલેક્ટરએ રૈયોલી ફોસિલ પાર્કની દિવાલની તથા સાતકુંડા પ્રોજેક્ટમાં વિજળી સુવિધા અંગેની કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યું કે, છેલ્લી વખત ફોસિલ પાર્કની દિવાલ માટે એક્સ્ટેન્શન આપીએ પરંતુ આ બંને કાર્યો શક્ય તેટલી ઝડપે પૂર્ણ કરવાના આદેશ અપાયા.

આ ઉપરાંત રૈયોલી પ્રોજેક્ટને વધારે વિકસાવવા અંગે કલેટરએ રહેઠાણ સુવિધા અંગે સ્થાનિકોના સંપર્ક સાધી આગળ વધવા માર્ગ દર્શિત કર્યા. જેથી સ્થાનિક રોજગારી થકી પ્રવાસન ક્ષેત્રે વિકાસ સાધી શકાશે.

આ બેઠકમાં કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન સ્ટેટ, જિલ્લા માહિતી અધિકારી, નાયબ વન સંરક્ષક નોર્મલ, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન પંચાયત તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત કલેક્ટર ડો.મનિષકુમારની અધ્યક્ષ સ્થાને બોર્ડર મિટિંગ યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
કલેક્ટર કચેરી સભાખંડ ખાતે કલેક્ટર ડો.મનિષકુમારના અધ્યક્ષ સ્થાને બોર્ડર મિટિંગ યોજાયી હતી. આ મિટિંગમાં મહીસાગર અને ડુંગરપુર, બાસવારા (રાજસ્થાન)ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ચૂંટણી દરમિયાન અરાજકતા ફેલાવતા ઈસમો સામે કડક કાર્યવાહી, માહિતીની સરળ આપ-લે તથા ચેક પોસ્ટ પર ચૂંટણી દરમિયાન સઘન ચેકિંગ વગેરે વિશે વિસ્તૃત પૂર્વક ચર્ચા કરવામાં આવી. વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ માં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે જિલ્લાના તથા બોર્ડર નજીકના તમામ અધિકારીઓ અને પદાધિકારીઓને જાગૃત રહેવા તથા જરૂરી કાર્યવાહી કરવા અંગે વિગતે ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં પોલીસ વડા, નાયબ ચૂંટણી અધિકારી, પ્રાંત અધિકારી સંતરામપુર, પ્રાંત અધિકારી લુણાવાડા, પ્રાંત અધિકારી બાલાસિનોર, ડી.વાય.એસ.પી તથા રાજસ્થાનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લોક વિજ્ઞાન કેન્દ્ર, ગોધરા દ્વારા જીલ્લા કક્ષાની નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૨ આયોજન કરાયું

ગોધરા,
લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા પંચમહાલ જીલ્લાના વિદ્યાર્થીઓને વિવિધ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પ્રોત્સાહીત કરી ભાગ લેવડાવવામાં આવે છે. નેશનલ સાયન્સ મ્યુઝીયમ દ્વારા આયોજિત નેશનલ સાયન્સ સેમીનાર વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા પ્રસ્તુત કરવા પ્લેટફોર્મ પૂરૂં પડે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા પ્રસ્થાપિત લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય વિજ્ઞાન પરિષદનું આયોજન તારીખ ૨૯-૦૯-૨૦૨૨ ગુરૂવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા ખાતે યોજવામાં આવ્યું હતું. પંચમહાલ જીલ્લાની શેહરી અને ગ્રામ્ય વિસ્તારની ૧૦ જેટલી શાળાના કુલ ૩૮ વિદ્યાર્થીઓએ આ સેમનારમાં ભાગ લીધો અને સતત વિકાસ માટે બુનિયાદી વિજ્ઞાન : સંભાવનાઓ અને પડકારો આ વિષય પર પ્રેજેન્ટેન રજુ કર્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટન ઉપસ્થિત ડો.સુજાત વલી લોક વિજ્ઞાન કેન્દ્ર, ગોધરાના કાર્યકારી પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. ફાલ્ગુની દામા, પંકજભાઈ દરજી, ભરતસિંહ સોલંકી, વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે ખાસ ઉદબોધન કર્યું હતું. જયગણેશ ચૌહાણ, મૌલિક શાહ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. લોક વિજ્ઞાન કેન્દ્રના મેનેજર અવિનાશ મિસ્ત્રી તેમજ કોર્ડીનેટર બ્રીઝ જાદવ દ્વારા સ્પર્ધાનું સંચાલન કરવામાં આવ્યું હતું. બાળકોએ PPT દ્વારા પોતાનું પ્રેઝન્ટેશ રજુ કર્યું હતું. વિદ્યાર્થીએ ઉત્સાહ પૂર્વક પોતાના વિચારો રજુ કર્યા હતા. અવિરત અને ટકાઉ વિકાસ માટે જુદા જુદા મુદ્દાઓ રજુ કર્યા અને આવનારા સમયમાં કેવા પડકારો ઉભા થઇ શકે અને તે કેવી રીતે નિવારી શકાય તે માટે વૈજ્ઞાનિક અભિગમ રજુ કર્યા હતા. બાળકોએ જીલ્લા કક્ષાએ અગ્રીમ ક્રમે આવેલ વિદ્યાર્થીઓ સુરજ ગૌડ અને કંગના મુલચંદાણી આગળ રાજ્ય કક્ષાએ ભાગ લેશે. પરિષદમાં ઉપસ્તિથ તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારો અને પ્રમાણપત્ર લોક વિજ્ઞાન કેન્દ્રના કાર્યકારી પ્રમુખ અને ઉપસ્થિત નિર્ણાયક દ્વારા આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. લોક વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફ હરીત, નાઝિયા, ફાતિમા, વૈશાલી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. હવે આગામી સમયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવનું પંચમહાલ જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન થઇ રહ્યું છે. જેની તડામાર તૈયારીઓ વિદ્યાર્થીઓ કરી રહ્યા છે.

## પંચમહાલના નૃત્ય કલાકાર ભરતભાઈએ જીએમડીસી ખાતે વડાપ્રધાનની હાજરીમાં કલાનું પ્રદર્શન કર્યું

ગોધરા,
પંચમહાલ જિલ્લાનું ગૌરવ સમા અને સમગ્ર વિશ્વમાં પોતાની નૃત્યકલા અને સાધના દ્વારા પોતાની ઓળખ પ્રસ્થાપિત કરનારા ખ્યાતનામ ઈન્ટરનેશનલ કલાકાર ભરતભાઈ બારીઆ અને અક્ષયભાઈ પટેલ દ્વારા ગત રોજ અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે આપણા ભારત દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ નવરાત્રિ અંતર્ગત મહા આરતીમાં બને કલાકારોને સન્માનિત કર્યા હતા.ત્યારે બને કલાકારો દ્વારા આ તકને અવસરમાં અભિભૂત કરતા પોતાની કલાનું પ્રદર્શન કરતા જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં લગભગ દોઢ થી બે લાખની જનમેદનીએ બને કલાકારોની કલાને બિરદાવી હતી. તો સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બને કલાકારો તેમજ અન્ય કલાકારો સાથે પ્રોટોકોલ તોડી થોડીક ક્ષણો માટે મુલાકાત કરી હતી.

## ઘોઘંબાના સાજોરા ગામે કુવા માંથી પાણી ભરતી મહિલા કુવામાં પડી જતા મોત નિપજાવા પામ્યું

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે રહેતા ૨૭ વર્ષીય મહિલા કુવા ઉપર પાણી ભરવા ગયા હતા અને કુવા માંથી પાણી ખેંચવા માટે થાંભલા ફીટ કરી ગરગડી મુકવામાં આવી હતી. તે લાકડાની થાંભલી તુટવાથી થાંભલી સાથે મહિલા કુવામાં પડી જતાં ડુબી જવાથી મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે રહેતા કૈલાશબેન જગદીશભાઈ બારીયા ઉ.વ.૨૭ પોતાના ખેતરમાં આવેલ કુવા ઉપર પાણી ભરવા માટે ગયા હતા. કુવા માંથી પાણી ખેંચવા માટે લાકડાની થાંભલીઓ રોળી ગરગડી મુકવામાં આવી હતી. આ ગરગડી ઉપર થી કૈલાશબેન પાણી ખેંચતા હતા. દરમિયાન ગરગડીવાળી થાંભલી તુટી જતાં થાંભલી સાથે મહિલા પણ કુવામાં પડયા હતા. કૈલાશબેન કુવામાં પડતા પાણીમાં ડુબી જવાથી મોત નિપજાવા પામ્યું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

## અમદાવાદથી મુંબઈ લઈ જવાતી હતી ૨૫.૮૦ કરોડની નકલી નોટ, ૬ સ્ટીલની પેટીમાંથી ૧૨૯૦ બંડલ મળ્યાં



સુરત,
સુરત જિલ્લા કામરેજ પોલીસે અમદાવાદથી મુંબઈ તરફ જતા રોડ પર નવી પારડી ગામની સીમમાંથી ડુપ્લિકેટ નોટ ઝડપી હતી. જામનગરના કાલાવડ વિસ્તારની એક ચેરિટેબલ ટ્રસ્ટની આઈ.સી.યુ. એમ્બ્યુલન્સમાંથી ૨૫.૮૦ કરોડના બે હજારના દરની ડુપ્લિકેટ નોટ સાથે એક વ્યક્તિને ઝડપી લેતાં ભારે દોડધામ મચી હતી. જોકે નોટ પર ભારતીય રિવર્સ બેંક તેમજ કેવલ ફિલ્મના શૂટિંગ માટે લખ્યું હોવાથી પોલીસે પ્રાથમિક તબક્કે જાણવાજોગ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજ પોલીસ હાઈવે પર પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન અમદાવાદ તરફથી ને. હા. ૪૮ પર નવીપારડી ગામની સીમમાં ગામની શિવશક્તિ હોટલની સામે જામનગરના કાલાવડ વડાણા ખાતેની દીકરી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની આઈસીયુ એમ્બ્યુલન્સ અટકાવી તપાસ કરાઈ હતી. એમ્બ્યુલન્સમાંથી ૬ સ્ટીલની પેટીમાંથી ૧૨૯૦ બંડલમાં ૨૫.૮૦ કરોડની ૨૦૦૦ના દરની રિવર્સ બૅંક ઓફ ઈન્ડિયા લખેલી નોટો મળી આવી હતી. નોટો પર હિન્દીમાં ખાલી ફિલ્મના શૂટિંગના ઉપયોગ માટે લખેલું હતું. ઘટનાની જાણ થતાં સુરત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પણ કામરેજ ખાતે પહોંચ્યા હતા. નોટ ઉપર હિન્દીમાં અને અંગ્રેજીમાં ભારતીય રિવર્સ બેંક તેમજ માત્ર સિનેમાના શૂટિંગના ઉપયોગ માટે લખ્યું છે.

નોટ સાથે પોલીસે જામનગર જિલ્લાના કાલાવાડના વડાલા વિસ્તારના હિતેશભાઈ પુરુસોત્તમ કોટડિયાને ઝડપી લીધો છે. જોકે પૂછપરછમાં આ નોટનો ઉપયોગ વેબસિરીઝના શૂટિંગમાં કરવાનો હોવાનું જણાવી રહ્યા છે. કામરેજ પોલીસે સ્ટીલની પેટીમાં લઈ જવાતી તમામ નોટો તેમજ એમ્બ્યુલન્સ અને લેપટોપ મળી કુલ ૫.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની તપાસ શરૂ કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછના જાણવા મળ્યું હતું કે પકડાયેલી એમ્બ્યુલન્સના ડ્રાઈવર હિતેશભાઈ કોટડિયા અને તેની પત્નીએ ૨૦૧૭માં દીકરી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની શરૂઆત કરી હતી. જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું કે હાલ પોલીસને નોટો લઈ જવાની ગતિવિધિ શંકાસ્પદ લાગતાં પોલીસ તમામ પાસા તપાસ કરશે તેમજ આ પ્રકારની નોટ છાપવી એ ગુનો ગણાય કે નહીં એ અંગે રિઝર્વ બેંક અથવા સ્ટેટ બેંકના અધિકારીઓની મદદ લેવાશે. હાલ આ નોટ સુરત યોગીચોક ખાતે રહેતા કોઈ ઈસમ પાસેથી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યું હતું તેમજ આ નોટ ક્યાં છપાઈ અને ક્યાં ઉદ્દેશથી છાપી એ અંગેની હકીકત વધુ તપાસ બાદ જ બહાર આવશે. હાલ જિલ્લાની તમામ એજન્સીઓ આ ગુનાના તપાસમાં જોતરાઈ છે.

## સુરતમાં કરોડોનું ડ્રગ્સ અને ૩૦૫ કિલો ગાંજો પકડાયો

સુરત,
ગુજરાતમાં હવે ચોકલેટની જેમ ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. ગુજરાત હવે ડ્રગ્સનું હબ બની ગયું છે. ત્યારે વધુ એકવાર સુરતમાંથી ડ્રગ્સ પકડાયું છે. સુરત સારોલી પોલીસે કરોડોનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. રાજસ્થાની યુવક પાસેથી પોણા બે કરોડનું ડ્રગ્સ મળી આવ્યું છે. સારોલી વિસ્તારમાંથી ૧.૭૧ કિલો MD ડ્રગ્સ ઝડપાયું છે. આ ડ્રગ્સની કુલ કિંમત ૧ કરોડ ૬૫ લાખ થાય છે. એક રાજસ્થાની વ્યક્તિ મુંબઈથી MD ડ્રગ્સ લાવ્યો હતો. જેને સુરતમાં સપ્લાય કરવાનુંહતું. માહિતીને આધારે સરોલી-પુણા પોલીસે કરોડોનું ડ્રગ્સ પકડ્યું છે. આરોપીએ પોલીસને ઉલ્લુ બનાવવાનો પ્રયાસ કર્યોહતો. જેને ડ્રગ્સ આપ્યું છે તેનું નામ પણ મળ્યું છે. તપાસ ક્રાઈમ બ્રાન્ચને આપવામાં આવી છે. ઉલ્લેખનીય કે, હાલમાં જ શરૂ થયેલા સારોલી પોલીસ સ્ટેશનનો આ પહેલો કેસ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ ડ્રગ્સ મામલે ખૂબ ગંભીર છે. સપ્ટેમ્બર ૨૦૨૦ થી ડ્રગ્સના વિરોધમાં ડ્રગ્સ નાબુદીનું કેમ્પઈન શરૂ કરાયું હતું. પોલીસ દ્વારા અવારનવાર ડ્રગ્સ ઝડપી પાડવામાં આવે છે. ગુજરાતમાં નશાના રવાડે ચડેલા યુવાનોને નશાથી દૂર રાખવા માટે ગુજરાત પોલીસે નશાના કારોબાર કરતા લોકોને ઝડપી પાડવાની શરૂ કરી છે. ત્યારે સુરતમાં અન્ય એક વિસ્તારમાંથી ગાંજો પકડાયો છે. ગાંજા માટે બહુચર્ચિત ઉત્કલન નગરમાં કતારગામ પોલીસે રેડ પાડી હતી. જ્યાંના એક ઝૂંપડામાં ચોરખાનું બનાવીને રાખવામાં આવેલો ૩૦૫ કિલો ગાંજા ઝડપાયું છે. આ જથ્થા કિંમત ૩૦ લાખ રૂપિયા થાય છે. ગાંજાને કબજે કરી બે ઈસમોની ધરપકડ કરાઈ છે.

## વડાપ્રધાને દર્દી માટે પોતાનો કાફલો રોકી દીધો

અમદાવાદ,
પીએમ મોદી ગુજરાતમાં બે દિવસના પ્રવાસે છે. આજે તેમણે સવારે વંદેભારત એક્સપ્રેસ અને મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કર્યુ. જેના બાદ તેઓ આગળના કાર્યક્રમમાં જવાના રવાના થયા હતા. પરંતુ આ વચ્ચે રસ્તામાં તેમણે માનવતાભર્યું કામ કરીને મોટું ઉદાહરણ પૂરુ પાડ્યુ હતું. તેમણે એક એમ્બ્યુલન્સને જવા દેવા પોતાના કારનો કાફલો રોકી દીધો હતો. જેનો વીડિયો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ શેર કર્યો છે.

પીએમ મોદીનો કાફલો આગળ વધી રહ્યો હતો, ત્યારે પાછળથી એમ્બ્યુલન્સની સાયરનનો અવાજ આવ્યો હતો. એમ્બ્યુલન્સને રસ્તો આપવો દરેક જવાબદાર નાગરિકની ફરજ છે. આ ફરજ પીએમ મોદીએ પણ બજાવી હતી. એમ્બ્યુલન્સને રસ્તો આપવા પીએમ મોદીએ કાફલો અટકાવ્યો હતો. દર્દી માટે પ્રધાનમંત્રી મોદીએ પોતાનો કાફલો રોક્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ દર્દી માટે ઉદારતા દાખવી હતી.

### કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણીને લઈને સ્થિતિ સ્પષ્ટ

## ખડગે-થરૂર-ત્રિપાઠીએ કોંગ્રેસ પ્રમુખની ચુંટણી માટે ઉમેદવારી પત્રકો ભર્યા ત્રિકોણીય હરીફાઈ થશે ?





નવીદિલ્હી,
કોંગ્રેસ પ્રમુખ પદની ચૂંટણીને લઈને સ્થિતિ હવે સ્પષ્ટ થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે, સાંસદ શશિ થરૂર અને ઝારખંડ કોંગ્રેસના નેતા કેએન ત્રિપાઠીએ પાર્ટીના વડા માટે ઉમેદવારી નોંધાવી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસના ટોચના પદ માટે ત્રિકોણીય મુકાબલો થવાની સંભાવના છે. થરૂરે આજે બપોરે એઆઈસીસી ઓફિસમાં પોતાનું નામાંકન ભર્યુંહતું. આ પછી તેણે કહ્યું કે હું ખડગે સાહેબનું ખૂબ સન્માન કરું છું. જો ઘણા લોકો નોમિનેશન ફાઈલ કરે છે તો તે સારી વાત છે અને લોકોને વિકલ્પ પણ મળશે. મેં આ કોઈને અપમાનિત કરવા માટે નથી કર્યું. આપણે સાથે મળીને કામ કરવાની જરૂર છે. મને લાગે છે કે તે આપણા પક્ષના ભીષ્મ પિતામહ છે.

જયારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે પાર્ટી અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. તેમની ઉમેદવારીના સમર્થકોમાં પાર્ટીના નેતાઓ અશોક ગેહલોત, દિગ્વિજય સિંહ, પ્રમોદ તિવારી, પીએલ પુનિયા, એકે એન્ટની, પવન કુમાર બંસલ અને મુકુલ વાસનિકનો સમાવેશ થાય છે. જી૨૩ જૂથના નેતાઓ આનંદ શર્મા અને મનીષ તિવારી, જેમણે કોંગ્રેસમાં પરિવર્તનની હિમાયત કરી હતી, તેઓ પણ ખડગેના નામાંકનના સમર્થકોમાં હતા. તિવારીએ કહ્યું કે ખડગે પાર્ટીના સૌથી અનુભવી નેતાઓમાંના એક છે અને દલિત પણ છે.

ઝારખંડ કોંગ્રેસના નેતા કેએન ત્રિપાઠીએ પણ પાર્ટી અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી છે. નામાંકન બાદ તેમણે કહ્યું કે પાર્ટીના નેતાઓના નિર્ણયનું સન્માન કરવામાં આવશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી લડવા માટે કેટલા ગંભીર છે અને શું આ અંગે પાર્ટી હાઈકમાન્ડ સાથે કોઈ વાતચીત થઈ છે, ત્યારે ત્રિપાઠીએ 'હિન્દુસ્તાન'ને કહ્યું કે કોંગ્રેસમાં આંતરિક લોકશાહી છે. આંતરિક લોકશાહી એવી માંગ કરે છે કે ખેડૂતનો પુત્ર પ્રમુખ પદ માટે ચૂંટણી લડી શકે. ભાજપમાં આ શક્ય નથી.જો કે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે આજે પાર્ટી અધ્યક્ષની ચૂંટણીમાંથી ખસી ગયા છે. તેમણે કહ્યું કે તેઓ પાર્ટીના અધ્યક્ષ પદ માટે ચૂંટણી લડશે નહીં, પરંતુ તેમના સહયોગી મલ્લિકાર્જુન ખડગેના નામાંકનમાં પ્રસ્તાવક હશે. સિંહે કહ્યું કે તેમણે આખી જિંદગી કોંગ્રેસ માટે કામ કર્યુંછે અને કરતા રહેશે.રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ગુરુવારે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. આ પછી, સિંહે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરતા ઉમેદવારી પત્રોના ૧૦ 'સેટ' લીધા. કોંગ્રેસના 'એક વ્યક્તિ, એક પદ'ના નિયમ હેઠળ ચૂંટણી લડવા માટે ગેહલોતને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું હતું.

સ્વચ્છ છબીવાળા મલ્લિકાર્જૂન ખડગે કોંગ્રેસના કદાવર નેતા છે. તેઓ ગાંધી પરિવારના નીકટના પણ છે. દલિત સમાજથી આવનારા ખડગેના વિપક્ષી નેતાઓ સાથે પણ સારા સંબંધ છે. ધારાસભ્યોના બળવા બાદ તેઓ પર્યવેક્ષક બનીને રાજસ્થાન ગયા હતા. જો કે અહીં એક સવાલ એ પણ ઉઠી રહ્યો છે કે જો ખડગે કોંગ્રેસ અધ્યક્ષ બનશે તો શું તેઓ રાજ્યસભામાં નેતા વિપક્ષનું પદ છોડશે? કારણ કે કોંગ્રેસમાં એક વ્યક્તિ એક પદનો સિદ્ધાંત છે. આ અગાઉ સીએમ અશોક ગેહલોતને પણ મુખ્યમંત્રી પદ છોડવા માટે કહેવાયું હતું.

વરિષ્ઠ નેતા અને સાંસદ શશિ થરુરે પણ કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી આજે શશિ થરૂરે પોતાના સમર્થકો સાથે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી નોંધાવવા દરમિયાન લોકોએ શશી થરૂરના નારા લગાવ્યા હતા. લોકોએ મેરા નેતા, મેરા ગુરૂર, શશિ થરૂર, શશિ થરૂરના નારા લગાવી રહ્યા હતા. ઉમેદવારી નોંધાવ્યા બાદ શશિ થરૂરે કહ્યું કે મારી પાસે કોંગ્રેસ માટે એક વિઝન છે, જેને હું કોંગ્રેસના તમામ પ્રતિનિધિમંડળને મોકલીશ. અમે તમામ લોકોનુ સમર્થન મેળવીશું. હું અહીં પાર્ટી કાર્યકર્તાઓનો અવાજ બનવા આવ્યો છું. શશિ થરૂરે કહ્યું કે મેં કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી છે. દેશમાં એકમાત્ર એવો પક્ષ જે આ લોકતાંત્રિક પ્રક્રિયામાં વિશ્વાસ રાખે છે, તેના પાર્ટીની ચૂંટણી લડવી મારા માટે એક વિશેષાધિકાર સમાન છે. હું સોનિયા ગાંધીના માર્ગદર્શન અને અભિગમની પ્રશંસા કરું છું.

શશિ થરૂરે વધુમાં કહ્યું કે મેં મારા દિવસની શરૂઆત રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપીને કરી છે. મહાત્મા ગાંધીએ દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપ્યું તે મારા માટે પ્રેરણારૂપ છે. આ ચૂંટણી દેશના ભવિષ્ય અને દેશની જનતા માટે છે. જવાહરલાલ નેહરુથી લઈને મહાત્મા ગાંધી સુધીના નેતાઓએ આ પાર્ટીનું નેતૃત્વ કર્યું હતું. આ પાર્ટીનો ધ્યેય દેશને મજબૂત બનાવીને આગળ લઈ જવાનો છે. નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી ના મુખ્યાલયના પરિસરમાં એક ટેન્ટ લગાવવામાં આવ્યો હતો જેથી પાર્ટીના નેતાઓ બપોરે ૧૧ થી ૩ વાગ્યાની વચ્ચે તેમના ઉમેદવારી પત્રો દાખલ કરી શકે છે. કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી માટે ૧૭ ઓક્ટોબરે મતદાન થશે અને ૧૯ ઓક્ટોબરે પરિણામ જાહેર થશે.

## આઠમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી


સ્વ. ચંદનબેન સોમાભાઈ બારીઆ
સ્વ.તા.૦૧/૧૦/૨૦૧૪, ગોધરા

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી ?
મન હજી માનતુ નથી કે દુનિયામાં તમારૂ અસ્તિત્વ નથી.
તમારી અણધારી વિદાય સૌને રડાવી રહી છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
બારીઆ સોમાભાઈ કાનજીભાઈ
બારીઆ દિલિપકુમાર સોમાભાઈ
બારીઆ અંબાબેન દિલિપકુમાર
બારીઆ ઉર્મિલાબેન સોમાભાઈ
બારીઆ આયુષ દિલિપભાઈ
બારીઆ નવ્યા દિલિપભાઈ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બક્કર શોએબ હુસેન
તરફથી અભીનંદન....
મુ. રતનપુરા(કાં),
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મન્સુરી કૈયુમભાઈ ઈસુબભાઈ
તરફથી અભીનંદન....
મુ. દાંડીયા ટીમ્બા રોડ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

## આપની આજ.......

મેષ : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઇ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### દે.બારીયા પાલિકાના રાધેગોવિંદ રોડ ઉપર બનેલા

# કોમ્પ્લેક્સના માલીકને કોઈપણ નોટિસ વગર ઓચિંતા સીલ મારી અને સીલ ખોલી દેતા નગરમાં ચર્ચા ચગડોળે

### પાલિકા CO, કર્મચારીઓ દ્વારા સીલ ખોલીને તરતજ કચેરી છોડીને જતા રહ્યા, ટેલિફોન પણ બંધ



દાહોદ,

દેવગઢબારીયા નગરમાં ઘણા શોપિંગ સેન્ટર અને કોમ્પ્લેક્સ તથા રહેણાંક મકાનો પાલિકાના ચોપડે નોંધાયેલા છે અને કેટલાક બાંધકામ હજુપણ ગેરકાયદેસર હોવાનું ચર્ચાઈ છે. પાલિકા વિસ્તારમાં આવેલ રાધે ગોવિંદ રોડ ઉપર કાયદેસર માલીકીની જમીનમાં બાંધકામ પરમિશન લઈ બનેલા રાધે ગોવિંદ પાર્ક કોમ્પ્લેક્સનાં બિલ્ડર ને કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર પાલિકાના ચીફ ઓફિસર અને કર્મચારીઓએ ભેગા મળી ગઈ તા.૬/૯/૨૦૨૨ નાં રોજ સાંજના સમયે ઓચિંતા ૧૧ જેટલી દુકાનો અને મકાનોનું સીલ મારી દીધું હતું. આ અંગે પાલિકાના ચીફ ઓફિસરને રૂબરૂ પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, અમે બિલ્ડર કમલેશ પાઠકને નોટિસ મોકલી છે. જયારે બિલ્ડરને પૂછતાં જાણવા મળ્યું કે, આ અંગે કોઈ નોટિસ મને મળી નથી.

જે પછી ૨૨ દિવસ વીતી ગયા પછી ગઈકાલ તા.૨૯/૯/૨૦૨૨ ના રોજ પાલિકાના કર્મચારીઓએ બપોર પછી સીલ મારી દીધેલ રાધે ગોવિંદ પાર્ક કોમ્પ્લેક્સને કોઈને પણ જાણ કર્યા વગર ઓચિંતા સીલ ખોલી દીધુ હતું. પાલિકા તંત્રનાં જવાબદાર અધિકારી કોઈપણ નોટિસ આપ્યા વગર સીલ મારી દે અને ફરીથી એજ જગ્યા ઉપર કોઈને પણ સીલ ખોલી દેવા અંગેની જાણ કે નોટિસની બજવણી કર્યા વગર પોતાના મનસ્વી રીતે સીલ ખોલી દેતા દેવગઢ બારીયા નગરમાં મામલો ટોક ઑફ ધી ટાઉન બન્યો હતો.

આમ, દેવગઢબારીયા પાલિકા તંત્ર દ્વારા અગાઉ કોઈપણ નોટિસ આપ્યા વગર સીલ કરેલા કોમ્પ્લેક્સનું ઓચિંતા સીલ ખોલી દેતા નગરની જનતામાં આશ્ચર્ય ફેલાયું હતું. પાલિકાના સી.ઓ. ને આ સીલ કયા ઉપરી અધિકારીની સૂચના અને પરિપત્ર મુજબ સીલ કરાયું હતું અને કયા અધિકારીની સૂચના અને લેખિત હુકમ મળ્યા પછી તાત્કાલિક સીલ ખોલી દેવાયું તે અંગે સીઓ રૂબરૂ નહીં મળતા તેમજ ટેલિફોનિક સંપર્ક નહીં થતા કોઈ પુષ્ટિ થઈ નથી.

# દાહોદ LCB પોલીસે ઝાલોદ ત્રણ રસ્તા ઉપરથી બે ઈસમોને ચોરીની મોટરસાઈકલો સાથે ઝડપ્યા

### ગાંધીનગરથી ચોરી કરેલી ૯ મોટરસાઈકલો સાથે ૬ આરોપીઓને દાહોદ LCB પોલીસે ઝડપી ગાંધીનગર પોલીસ મથકના અન્ડિકેટ ગુનાઓને ડિટેક્ટ કરાયા હતા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વધતી જતી મોટરસાઈકલ ચોરીની ઘટનાઓને રોકવા પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાઈ રહી છે. ત્યારે દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની કામગીરી સહીત વાહન ચેકીંગની કામગીરી કરી રહી હતી. તેવા સમયે ઝાલોદથી ફતેપુરા જતા ત્રણ રસ્તા ઉપર થી દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીવાળી પલ્સર મોટર સાઈકલ અને એક નંબર વગરની પલ્સર મોટર સાઈકલ લઈને આવતા પોલીસે તેમને રોકવાનો ઈસારો કરતા તે બાઈક વાળીને ભાગવા જતા પોલીસે દોડી તેમને પકડી પાડ્યા હતા અને મોટર સાઈકલના આધાર પુરાવા માંગતા તે મળી ના આવતા પોલીસે ઈ ગુજ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરતા નવે નવ મોટર સાઈકલો ગાંધીનગર ખાતેથી ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. ગાંધીનગર પોલીસ મથક ખાતે આ નવે નવ બાઈકોના ગુના અંડીટેક્ટ હતા. ત્યારે આ ગેંગની મૉડ્સઓપ્રેનડી પ્રમાણે આ બે પકડાયેલા આરોપીઓ અજમલ બચુભાઈ કિશોરી, મેહુલ ધીરાભાઈ પારગી, અમિતભાઈ મુકેશભાઈ કામોળ, નિતેષભાઈ ભુરસીંગભાઈ મછાર, દિવાનભાઈ નારસીંગભાઈ ભાભોર અને કલ્પેશભાઈ પર્વતભાઈ ડીંડોર (તમામ રહે. ફતેપુરા, જી. દાહોદ) નાઓ અને તેમના અન્ય સાગરીતો જોડે મળી આ ગેંગના કુલ સાગરીતો દ્વારા જેઓ દાહોદ જિલ્લામાંથી અન્ય ગુજરાતનાં જિલ્લામાં મજૂરી કામ અર્થે નીકળતા હતા અને ત્યાં એકલ દોકલ પડેલી મોટરસાઈકલો ની રેકી કરી આજુ બાજુમાં કોઈ જોવા ના મળતા સ્ટેરીંગ લોક તોડી અથવા તો માસ્ટર ચાવી લોક ખોલી મોટર સાઈકલની ઉઠાણતરી કરી બજારમાં સસ્તામાં વેચી દેવાની એમ ઓ ધરાવે છે. ત્યારે આ બે મોટર સાઈકલો બજારમાં વેચાય તે પહેલાજ એલ.સી.બી. પોલીસે તેમની અટકાયત કરી હતી અને ચોરીની નવ મોટર સાઈકલો અલગ અલગ જગ્યાએ સસ્તામાં વેચી મારી મુખ્ય આરોપી સહીત ૫ આરોપીઓની અટકાયત કરી પોલીસે ગાંધીનગર પોલીસ મથકના ગુનાનો ભેદ ઉકેલી કાઢી પોલીસે કુલ ચોરી કરેલી મોટર સાઈકલો ૩,૧૬,૦૦૦ હજારના મુદ્દામાલનો કબ્જો મેળવી પોલીસે ૬ આરોપીઓને ગાંધીનગર પોલીસને સોંપવાની કામગીરી હાથ ધરી હતી.

# નાબાર્ડ ગ્રાન્ટ હેઠળ વોટર શેડ ડેવલપમેન્ટમાં ૧૧૫ પરિવારો તળાવના રીપેરીંગ માટે શ્રમદાન કર્યું

દાહોદ,

ઝાલોદ અને સંજેલી તાલુકામાં આવેલા કદવાલ અને હિરોલા ગ્રામ પંચાયતમાં સદગુરૂ ફાઉન્ડેશન દ્વારા નાબાર્ડની ગ્રાન્ટ હેઠળ વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમ મંજૂર થયેલ છે.

નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ કામમાં પ્રી સીબીપીમાં ૪ દિવસનું ગ્રામજનો દ્વારા શ્રમદાન કરવાનું હોય છે. જેમાં હાલ હિરોલાંમાં તળફળિયામાં હિરોલા સરપંચ હંસાબેન ભુપેન્દ્રભાઈ સંગાડા તથા સંજેલી તાલુકા પંચાયત પ્રમુખ ભુપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડાના સહયોગ થી ૧૧૫ પરિવાર દ્વરા તૂટેલા તળાવની પાળ રિપેરિંગનું કાર્ય શ્રમદાન માટે ગ્રામજનો દ્વારા હાથ ધરવામાં આવ્યું છે જેમાં નરેન્દ્રભાઈ સંગાડા અને અશ્વિનભાઈ વગેરે આગેવાનો કામની દેખરેખ કરી રહ્યા છે.

હિરોલા ગ્રામ પંચાયતના પાંડી ફળિયાના ગ્રામજનો(૧)મુકેશ બી કટારા (૨) રાકેશભાઈ કટારા (૩) પરેશ કટારા (૪) આકાશ કટારા (૫) હુનકીબેન(૬)નંદાબેન કટારા(૭)નર્મદાબેન (૮)રાધાબેન (૯)શૈલેશ કટારા અને સંજેલી તાલુકા ભારતીય જનતા પાર્ટીના આદિજાતિ મોરચા પ્રમુખ અલ્કેશ કટારા સાથે મળી કુલ ૩૫ પરિવારો જનોએ શ્રમદાન કાર્ય અંતર્ગત ખેત તલાવડીનું કાર્ય જાતે કરી તથા ગામના વિકાસ માટે ગ્રામજનોને સલાહ આપી તથા સંપૂર્ણ વોટરશેડ કાર્યક્રમની જાણકારી આપી.

# ફતેપુરા તાલુકાના ચીખલી ગામે પ્રધાનમંત્રી આવાસ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

દાહોદ,

ફતેપુરા તાલુકાના ચીખલી ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આવાસ યોજનાની ચાવી લાભાર્થીને અર્પણ કરવામાં આવી હતી.

ફતેપુરા તાલુકાના ચીખલી ગામે પ્રધાનમંત્રી આવાસ યોજના લોકાર્પણ કાર્યક્રમ આજરોજ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. તેમજ પ્રધાનમંત્રી આવાસની રીબીન કાપી લોકાર્પણ કરાયું હતું. આવાસના લાભાર્થીઓને મકાનની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી વસાવા,તાલુકા પંચાયતના અધિકારીઓ કર્મચારીઓ તેમજ આંગણવાડીના કર્મચારીઓ મનરેગા યોજનાના કર્મચારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્ય સરકારની યોજનાઓના લાભ

# ફતેપુરા તાલુકાની મહિલાઓ અને બાળકો સુધી નહી પહોંચતા હોવાની બુમ

ફતેપુરા,

સગર્ભા અને ધાત્રી મહિલાઓને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશકિત યોજના તથા પોષણસુધા યોજના અમલમાં મુકેલી છે. આ યોજનાનો લાભ આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી બાળકો તથા સગર્ભા અને ધાત્રી બહેનો સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે પરંતુ ફતેપુરા તાલુકાના કેટલાક આંગણવાડી કેન્દ્રોમાં આ યોજનાનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચતો નહી હોવાની ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

#### બાળકોને આપવાના આહારના પાઉચ પશુઓને અપાતા હોવાની ફરીયાદ

ફતેપુરા તાલુકામાં અનેક આંગણવાડી કેન્દ્રો માત્ર કાગળ ઉપર ચાલી રહ્યા છે. કેટલીક આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ બાળકોની સંખ્યા મુજબ બાળકોની હાજરી જોવા મળતી નથી. તેમજ બાળકોને જે પૌષ્ટિક આહારના પાઉચ અપાય છે. કેટલાક લોકો પશુઓને ખવડાવતા હોય છે. ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી આંગણવાડી જિલ્લા સહિત રાજ્યકક્ષાથી તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરે તેવી માંગ ઉઠી છે.

માતૃશકિત યોજના અનાજની કિટમાં કાપ મુકાતો હોવાના તેમજ પોષણ સુધા યોજનાનો પ્રારંભ જ નહી કરાયો હોવાના આક્ષેપો. દાહોદ જિલ્લાના નવ તાલુકાઓમા ગત તા.૧જુનથી શરૂ કરાયેલી મુખ્યમંત્રી માતૃશકિત યોજના હેઠળ પ્રથમ વખતની સગર્ભા મહિલા અથવા પ્રથમ બાળક બે વર્ષ સુધીનુ થાય ત્યાં સુધીનુ થાય ત્યાં સુધી માતાને દર મહિને અનાજ અને ખાદ્યતેલની કિટ આંગણવાડી કેન્દ્રના માધ્યમથી વિનામુલ્યે વિતરણ કરાય છે. જ્યારે પોષણ સુધા યોજનામાં સગર્ભા બહેનોને અઠવાડીયામાં છ દિવસ.

#### સામાન્ય ભુલને કારણે વર્ષોથી સહાયની રાહ જોતી લાભાર્થી બહેનો

આંગણવાડી કેન્દ્રમાં પ્રસુતિ બાદ સરકાર દ્વારા મહિલાઓને રૂ.૫,૦૦૦ સહાય પેટે ચુકવવામાં આવે છે. તેમાં ફતેપુરા તાલુકામાં કેટલાક ગામડાઓની બહેનોએ જે તે સમયે જરૂરી ડોક્યુમેન્ટની પુર્તતા કરવા છતા ત્રણ વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયો છતાં આજદિન સુધી આ નાણાંની ચુકવણી કરાઈ નહી હોવાની ફરીયાદો પણ ઉઠી છે. જેથી આ લાભની વર્ષોથી રાહ જોતી બહેનોને મળવાપાત્ર સહાય વહેલીતકે ચુકવવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

#### પ્રસુતાને મળવા પાત્ર સહાય ચુકવવામાં પણ અખાડા

ફતેપુરા તાલુકાના સરકારી દવાખાનાઓમાં બાળ સેવા કેન્દ્રોનું સંચાલન કરાય છે. તેમાં બાળક અને તેની માતાને ૧૪ દિવસ સુધી દવા અને પૌષ્ટિક આહાય અપાય છે. ત્યાર બાદ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા માતાના ખાતામાં રૂ.૨૫૦૦ સહાય આપવામાં આપવામાં આવે છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં સ્થાનિક જવાબદારો દ્વારા સામાન્ય ભુલ ઉભી કરી મહિનાઓ સુધી લાભાર્થીઓને સહાયની ચુકવણી કરાતી નહી હોવાના પણ કિસ્સા જોવા મળેલ છે.

# પ્રધાનમંત્રી મત્સય સંપદા યોજના અંતર્ગત જિલ્લાકક્ષાની અમલીકરણ સમિતીની બેઠક જીલ્લા કલેકટરના અદયક્ષ સ્થાને યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જેમાં જિલ્લા મત્સય ઉધોગ રૂપરેખા, સંશાધનો, મત્સય પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કમિટી સભ્યોને આવકારી પ્રધાન મંત્રી મત્સય સંપદા યોજનાની રૂપરેખા જણાવાવા બાબાત, સક્રીય અને વિકાસશીલ માછીમાર, મત્સય ખેડૂતની કમીટી સભ્ય તરીકે વરણી બાબત, ફિશરીઝ કોલેજ, ફિશરીઝ સંશોધન સંસ્થાના પ્રતિનિધિની કમીટી સભ્ય તરીકે વરણી બાબત, કમીટીના સભ્યોને દાહોદ જિલ્લાના મત્સ્યોદયોગના સંસાધનોની રૂપરેખા જણાવવા બાબત, જિલ્લાના મત્સયઉધોગના વિકાસ અર્થે પ્રધાનમંત્રી મત્સયસંપદા યોજના તળે વાર્ષિક આયોજન અંગે રજૂઆત કરવામાં આવી હતી અને જિલ્લાનો મત્સ્યોધોગ નો વાર્ષિક એક્શન પ્લાન રજુ કરવામાં આવ્યો હતો.

આબેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક બી.એમ. પટેલ, પ્રાયોજના વહીવટદાર એસ.જે. પંડયા, મત્સ્ય ઉધોગ અધિકારી સંગાણી, સહિત અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકાના બોરપાણી ગામે પ્રાચીન સમયથી ગામના લોકો દ્વારા પુજીત માતાજીના મંદિરે ચામુંડા માતાજીની મુર્તીની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી અને વાજતે ગાજતે પરંપરાગત નૃત્ય સાથે મૂર્તીનું ગામમાં આગમન થયુ હતું અને માતાજીના ચોકમાં સભા થઈ હતી. જેમાં જાણીતા જનજાતી આગેવાનમાં અજીતદેવ પારગી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં અને તેમણે કહ્યું હતું કે, મહારાણા પ્રતાપ પણ એકલા પડી ગયા ત્યારે ભીલ સમાજે જ સાથ આપ્યો હતો અને માનગઢની ધરતી પર ગુરૂ ગોવિંદજીના આહ્વાન પર દેશ ધર્મ વિરોધી અંગ્રેજો સામે ભુરેટિયા નહીં માનુ રે... ની રણ હાંક જગાવી હતી.

# ઝાલોદ નગરમાં કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજ ૧૩૦ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેમાં ઝાલોદ તાલુકાના માજી ધારાસભ્ય ડોક્ટર મિતેશ ગરાસીયા, દાહોદ જિલ્લા મહામંત્રી અમરશીભાઈ માવી, દાહોદ જિલ્લા સેવા દળ પ્રમુખ કલ્પેશભાઈ વસોયા, બાબુભાઈ નિસરતા, ચંપાબેન નિસરતા, શોભનાબેન ડામોર, દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી રમેશભાઈ ડામોર, જેસંગભાઈ અમલીયાર, રમેશભાઈ ગણાવા, ભીખુભાઈ પરમાર, સુરેશભાઈ ભાભોર, વાલજીભાઈ હઠીલા, પ્રેમજીભાઈ રાઠોડ, કિરણભાઈ વસોયા, બળવંતભાઈ લબાના, સલીમભાઈ ટીંબીવાલા, યુનુસભાઇ તિજોરી વાળા તથા તમામ હોદ્દેદારો પક્ષના વરિષ્ઠ કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

# ગરબાડાના આંબલી ખજુરીયા ગામની પરણિતાનો ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના આંબલી ખજુરીયા ગામે એક ૨૦ વર્ષીય પરણિતાએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. ગત તા.૨૯મી સપ્ટેમ્બરના રોજ આંબલી ખજુરીયા ગામે વેડ ફળિયામાં રહેતાં રમીલાબેન નીલેશભાઈ ભાભોરે કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં આવેલ રૂમમાં લાકડાના સરા સાથે ઓઢળી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક પરણિતાના મૃતદેહને નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યાં હતાં. આ સંબંધે મૃતક પરણિતાના પતિ નીલેશભાઈ જાલુભાઈ ભાભોરે જેસાવાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાની મહિલા તાલુકા સભ્યના પ્રેમ લગ્નથી નારાજ માતા-પિતાએ પંચાયત કચેરીમાંથી ફિલ્મી સ્ટાઈલ અપહરણ કર્યું

દાહોદ,

ગરબાડામાં મહિલા તાલુકા સભ્યના પ્રેમલગ્નથી નારાજ થયેલા માતા પિતાએ તાલુકા સભ્યને ચાલુ પંચાયત કચેરીમાંથી ફિલ્મી સ્ટાઈલ એ અપહરણ કરી બોલેરો ગાડીમાં લઈને ભાગી છુટતા પંચાયત કચેરીમાં એક તબક્કે સ્તબ્ધતાના માહોલની વચ્ચે ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે, આ બનાવની જાણ વાયુવેગે પંથકમાં પ્રસરતા તરેહ તરેહની ચર્ચાઓની વચ્ચે અફરા અફરીનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાની ઝરીબુઝર્ગ–૨ તાલુકા પંચાયત સીટની સદસ્ય ગણાવા વનિતાબેન કરણસિંહ ઉ.વ ૨૨ નીમચ ગામના યુવક જોડે પ્રેમ લગ્નના ઈરાદે ૮ માસ અગાઉ ભાગી ગઈ હતી. જેથી તાલુકા પંચાયત સભ્ય વનિતાબેન સતત ૨ મિટિંગ સુધી ગેરહાજર રહ્યા હોવાથી આજની સામન્ય સભામાં હાજર રહેવું જરૂરી હતું. જેથી વનિતાબેન સામાન્ય સભામાં હાજર રહ્યા હતા અને આજની સામાન્ય સભામાં હાજરી પત્રકમાં સહી કરવા આવ્યા હતા. તે સમયે માતા–પિતા પણ ત્યાં આવી ચડતા તેમની છોકરીને પાછી લઈ જવા માટે ટી.ડી.ઓ.ની ચેમ્બરમાં જ ખેંચતાણ કરવા લાગ્યા હતા અને થોડા સમયની ખેંચતાણ બાદ તેના પિતા દ્વારા તેમની છોકરીને ફિલ્મી સ્ટાઈલમાં ઊંચકી લઈ બોલેરો ગાડીમાં બેસાડીને લઈ ગયા હતા. આ બનાવના સંદર્ભે ગરબાડા તાલુકા વિકાસ અધિકારી હિરલ પટેલે જણાવ્યું હતું કે, આજની સામન્ય સભામાં સહી કરવા હાજર રહેલ સભ્ય વનિતાબેનની હાજરી પત્રમાં સહી થયેલ નથી. જેથી સભ્ય વનિતાબેન સતત ત્રણ સામાન્ય સભામાં ગેરહાજર ગણાશે અને પંચાયતના નિયમ મુજબ જો કોઈ સભ્ય સતત ચાર સામાન્ય સભામાં ગેરહાજર રહે તો તેને સભ્યપદ માટે ગેરલાયક તેમ જણાવાયું હતું. જોકે, આ બનાવની જાણ વાયુવેગે પ્રસરતા સમગ્ર ગરબાડા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ મામલાની જાણ ગરબાડા પોલીસને થતા ગરબાડા પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ કમલમ ખાતે અનુસૂચિત જાતિ મોરચાની પ્રશિક્ષણ વર્ગ મીટિંગ યોજાઈ



દાહોદ,

દાહોદ જિલ્લો અનુસૂચિત જાતિ મોરચોની ૨૯–૦૯–૨૦૨૨ ગુરૂવાર ના પ્રશિક્ષણ વર્ગ મિટિંગ સાંજના ૦૫:૦૦ કલાકે પ્રદેશ અનુ. જાતિ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રાકેશભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને ભારતીય જનતા પાર્ટી કાર્યાલય દાહોદ ખાતે યોજાઈ. જેમાં અનુ. જાતિ મોરચાના પ્રભારી મુકેશભાઈ માળી તથા અનુ. જાતિ મોરચા દાહોદ જીલ્લા પ્રમુખ જીતેન્દ્રભાઈ માળી, મહામંત્રી નાનુભાઈ વણકર તથા ૧૩૦–ઝાલોદ વિધાનસભા સંયોજક મુકેશભાઈ ખાંગુડા તથા ૧૨૯–ફતેપુરા વિધાનસભા સંયોજક દેવચંદભાઈ પરમાર ૧૩૩–ગરબાડા વિધાનસભા સંયોજક અલકેશભાઈ ચાવડા ૧૩૨–દાહોદ વિધાનસભા સંયોજક મનોજભાઈ ગોહિલ તથા અનુ. જાતિ મોરચા ઝાલોદ તાલુકો પ્રમુખ અજયભાઈ કપાસીયા તથા ઉપપ્રમુખ રાકેશભાઈ હઠીલા મંત્રી અલ્પેશભાઈ રમેશભાઈ ખાંગુડા તથા દાહોદ તાલુકાના અનુ. જાતિ મોરચા ના પ્રમુખ નરેશભાઈ મકવાણા મહામંત્રી સંતોષભાઈ ડામોર તથા દાહોદ શહેરના મહિલા આગેવાન અને મહિલા મોરચાના જીલ્લા ઉપ પ્રમુખ ગાયત્રીબેન ગોહિલ તથા અનુ. જાતિ મોરચા દાહોદ શહેર ના મહિલા ઉપપ્રમુખ પ્રિયંકાબેન તેમજ અનુ. જાતિ મોરચા ના જિલ્લા ના તમામ હોદેદારો તથા તાલુકા ના તમામ હોદેદારો, વિધાનસભાના સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા. જે આવનાર વિધાનસભા ચૂંટણીના અનુસંધાને વિસ્તારક તેમજ ઈ–બાઈકના વિધાનસભા દીઠ ઈન્ચાર્જ અને ૨ સહ–ઈન્ચાર્જ નિમવાની ચર્ચાઓ કરવામાં આવી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.36

